Date :- 09-01-2025

Sandesh, Page-02, Surat

સુરત મેટ્રો પ્રોજેક્ટ

એક જ ટનલમાં ઉપર-નીચે અપ-ડાઉન લાઇન ધરાવતો આ પ્રકારનો પહેલો મેટ્રો પ્રોજેક્ટ

પ્રોજેક્ટ કોસ્ટ **12,020 કરોડ**

લંબાઈ **40.35 કિમી**

# રાજ્યમાં પ્રથમવાર | આધુનિક ટેક્નોલોજીનો સમન્વય.. અન્ડરગ્રાઉન્ડ બે ટનલમાં ઉપર-નીચે મેટ્રો દોડશે

સુરત : સુરતીલાલાઓને મોડર્ન ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા આપવા સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા મેટ્રો પ્રોજેક્ટમાં બે સ્ટેશન પર ટનલની અંદર એકસાથે ઉપર અને નીચે બે મેટ્રો દોડશે. રાજ્યભરમાં આવો પ્રથમ મેટ્રો પ્રોજેક્ટ બનશે, જેમાં યાત્રીઓ માટે નીચે ઉપરની તરફ સ્ટેક સ્ટેશન પણ બનાવવામાં આવી રહ્યું છે.

આ તમામ વ્યવસ્થા અંડરગ્રાઉન્ડ એક જ ટનલમાં જ કરવામાં આવશે. મેટ્રો પ્રોજેક્ટમાં બે રૂટ પર આશરે ૪૦ કિલોમીટર માટે કામ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં કોરિડોર-૧ને ડાયમંડ રૂટ તરીકે ઓળખવામાં આવે છે જેની લંબાઈ આશરે ૨૧ કિમી છે. સરથાણાથી ડ્રીમ સિટી વચ્ચે કુલ ૨૦ સ્ટેશનો છે. જે પૈકી ૬ અંડરગ્રાઉન્ડ સ્ટેશન પણ છે. જેમાં કાપોદ્રા, લાભેશ્વર, સેન્ટર વેર હાઉસ, સુરત સ્ટેશન, મસ્કતી હોસ્પિટલ અને ચોકબજાર મેટ્રો સ્ટેશન પર નીચેથી મેટ્રો દોડશે. જે આશરે ૬ કિલોમીટરના દાયરામાં છે.

મેટ્રો પ્રોજેક્ટમાં તમામ સ્થળો પર મેટ્રોને દોડવા માટે બે ટ્રેક પેરેલલ બનાવાશે પરંતુ મસ્કતી અને લાભેશ્વર પર અંડરગ્રાઉન્ડ ટનલમાં ઉપર-નીચે બે ટ્રેક બનશે. ભાગળમાં મસ્કતી હોસ્પિટલ પાસે અને લાભેશ્વર પાસે જગ્યા ઓછી હોવાથી ૧૮ મીટર જેટલા અંડર ટનલમાં અપ અને ડાઉન લાઈન ઉપર અને નીચે બનાવવામાં આવી છે, એટલે કે એક જ ટનલમાં ઉપર-નીચે બે મેટ્રો દોડશે. તેમના યાત્રીઓ માટે બે સ્ટેક સ્ટેશન બનાવવામાં આવ્યા છે કે જેથી તેઓ ઉપર અને નીચેના પ્લેટફોર્મ પર પહોંચી શકશે. કાપોદ્રાથી મસ્કતી સુધી ટનલનું કામ હાલ પૂર્ણ થઈ ચૂક્યું છે.




**અત્યાર સુધી દેશમાં એકમાત્ર ચેન્નઇ મેટ્રોમાં જ આ પ્રયોગ થયો છે, જ્યાં પાંચ સ્ટેક સ્ટેશન કાર્યરત છે**

હવે સુરત મેટ્રોમાં બે સ્ટેક સ્ટેશનો બનાવવામાં આવી રહ્યા છે અને આ ગુજરાતમાં પ્રથમવાર થઈ રહ્યું છે

**અંડરગ્રાઉન્ડ ટનલ બનાવવામાં માટે બે ટીબીએમ મશીન દ્વારા કામ શરૂ કરવામાં આવ્યું છે**

લાભેશ્વરમાં ૧૯૦, મસ્કતી હોસ્પિટલ પાસે પણ ૧૯૦ મીટર સુધી ટનલમાં મેટ્રો માટે અપ-ડાઉન રૂટ

**મેટ્રોના બે રૂટ કાર્યરત થશે અને તે પૈકી ઉપર અને નીચે મેટ્રો દોડતી હોય તે રૂટ સૌથી મહત્ત્વનો ગણાશે**

કોરિડોર-૧માં સરથાણાથી ડ્રીમ સિટી વચ્ચેના ૨૧ કિમીના રસ્તામાં બે જગ્યાએ યાત્રીઓ માટે તૈયારી શરૂ

**લાભેશ્વર અને મસ્કતી હોસ્પિટલ પાસે અંડરગ્રાઉન્ડ સ્ટેશનોમાં ઉપર અને નીચે બે સ્ટેક સ્ટેશન બનાવાશે**

**6 અંડરગ્રાઉન્ડ સ્ટેશન**: કાપોદ્રા, લાભેશ્વર, સેન્ટર વેર હાઉસ, સુરત વેર હાઉસ, મસ્કતી, ચોકબજાર

| | | | |
|---|---|---|---|
| કોરિડોર 1 | સરથાણાથી ડ્રીમ સિટી | લંબાઈ 21.6 કિમી | એલિવેટેડ સ્ટેશન 14 |
| કોરિડોર 2 | ભેસ્તાનથી સરોલી | લંબાઈ 18.74 કિમી | એલિવેટેડ સ્ટેશન 18 |